# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૩-૦૯-૨૦૨૨

- **ભાજપ સરકાર પૂર્વ સૈનિકોની વાત સાંભળવા તો તૈયાર નથી પણ લોકતાંત્રીક રીતે એકત્ર થયેલ પૂર્વ સૈનિકો અને તેમના પરિવાર પર દંડા ફટકારી અત્યાચાર ગુજારવામાં આવે તે કેટલે અંશે વ્યાજબી ?**

રાજ્યના પૂર્વ સૈનિકો તેમને મળવાપાત્ર હક્ક અધિકાર માટે લાંબા સમયથી સરકાર સમક્ષ રજુઆત કરી રહ્યાં હોવા છતાં ભાજપ સરકાર પૂર્વ સૈનિકોની વાત સાંભળવા તો તૈયાર નથી પણ લોકતાંત્રીક રીતે એકત્ર થયેલ પૂર્વ સૈનિકો અને તેમના પરિવાર પર દંડા ફટકારી અત્યાચાર ગુજારવામાં આવે તે કેટલે અંશે વ્યાજબી ? જય જવાન જય કિસાન ના નારાથી ચૂંટણી સમયે મોટી મોટી વાત કરનાર ભાજપની ભ્રષ્ટ સરકાર સૈનિકોના પરિવારને જે રીતે અન્યાય કરી રહી છે તે સામે આજરોજ યોજાએલ આક્રોશ રેલીમાં એક પૂર્વ સૈનિકનું નિધન થયું છે જે ઘણુ દુઃખદ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, દંડક ડૉ. સી.જે. ચાવડા, સીનીયર ધારાસભ્યશ્રી વિરજી ઠુમ્મર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી ભગાભાઈ બારડ, પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, શ્રી નિશીત વ્યાસ, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અરવિંદસિંહ સોલંકી સહિત આગેવાનોએ પૂર્વ સૈનિકોના પરિવારો સાથે મુલાકાત કરી હતી અને તેમના પ્રશ્નો વિગતવાર સાંભળ્યા હતા. આક્રોશ રેલી દરમ્યાન પૂર્વ સૈનિકના નિધન અંગે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરવા નિધન પામેલ પૂર્વ સૈનિકના દિકરાને સાંત્વના આપવા, **દિકરાના આંસુ લુછવા પહોંચેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને ધારાસભ્યશ્રીઓને મળતા પોલીસે કેમ અટકાવ્યાં ? શું છુપાવાનું છે પોલીસને? જે નિવૃત્ત સૈનિકે દેશ માટે ફરજ બજાવી છે તેનું નિધન પોલીસના અત્યાચાર થી થાય છે ત્યારે સરકાર કેમ અંગ્રેજોને શરમાવે તેવુ વર્તન કરે છે ?**

ગાંધીનગર ખાતે પૂર્વ સૈનિકોના ચાલી રહેલી લડતમાં કોંગ્રેસ પક્ષ તરફથી તમામ સાથ સહકારની ખાત્રી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, **એકતરફ ભાજપની સરકાર એક વર્ષની ઉજવણી કરી રહી છે અને બીજી બાજુ માભોમ ભારત દેશની રક્ષા કાજે ખડે પગે ફરજ બજાવતા પૂર્વ સૈનિકોની વાત સાંભળવા સરકાર તૈયાર નથી**. એટલુ જ નહીં તેમના પર **લાઠીઓ વરસાવાય તે કેટલે અંશે વ્યાજબી ?** સૈનિકોના નામે મત માંગી રાજનીતિ કરનાર ભાજપ સરકાર સરહદે દેશ માટે શહિદ થનાર જવાનોને શહિદનો દરજ્જો પણ આપતી નથી. આ છે ભાજપનો અસલી ચહેરો.

સૈન્યના જવાનો એ શિસ્તબધ્ધ દળ છે. દેશની સરહદો ઉપર ૨૪ કલાક રાષ્ટ્ર માટે ફરજ બજાવનાર નિવૃત્ત સૈનિકોને મળવા પાત્ર અધિકારો માટે તેઓ શાંતિથી રજુઆત કરતા હોય તેમ છતાં ૧૪૪ની કલમ લાગુ કરી તેમના ઉપર અત્યાચાર ગુજારવામાં આવે અને આ અત્યાચારમાં એક પૂર્વ સૈનિકનું નિધન થાય એ ઘણુ જ ગંભીર બાબત છે. બંધારણે અધિકાર આપ્યા છે તે અધિકારનું રક્ષણ કરવાની જવાબદારી સરકારની છે. કમનસીબે ભાજપ સરકાર બંધારણીય હક્કોને અવગણીને તાનાશાહની જેમ વર્તી રહી છે. ગુજરાતના પૂર્વ સૈનિકોને તેમના માન-સન્માન સાથે તમામ માંગો અંગે સરકાર તાત્કાલીક સંવાદ કરે, ન્યાય આપે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા